


તાજેતરમાં ગાંધીનગર ખાતે રમાયેલી ખેલ મહાકુંભ, રાજય કક્ષાની લોન ટેનિસ માટે ૬૦ વર્ષ ઉપરની વયની જુથ સ્પર્ધામાં શહેરના હિતેન્દ્ર સેઈલર અને દિલિપ ઠાકરની જોડીએ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. આ જોડીએ સ્પર્ધાની ડબલ્સ ઈવેન્ટમાં સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો જ્યારે હિતેન્દ્ર સેઈલરે સિંગલ્સ ઈવેન્ટમાં પણ સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો.



ગાંધીનગર ખાતે યોજાયેલ ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાની લોન ટેનિસ સ્પર્ધા યોજાઈ હતી જેમાં શહેરના ડો.જયેશ ગોહેલ અને વિપુલ વસાવાની જોડીએ પાટનગરનું ગૌરવ વધાર્યુ છે. આ સિદ્ધિ બદલ બન્ને ખેલાડીઓને જીમખાનાના મેનેજર સહિત સ્ટાફે અભિનંદન પાઠવ્યાં હતાં.



વાવોલમાં બ્રહ્માકુમારી કેન્દ્ર દ્વારા ગુડાના ગાર્ડનમાં વૃક્ષારોપણ કરાયું હતું. જેમાં વાવોલ બ્રહ્માકુમારી કેન્દ્રના સંચાલિકા બીકે હંસાદીદીએ આશિર્વચન આપ્યાં હતા, આ કાર્યક્રમમાં વાવોલ ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# જીઆઈએલ કંપની સાથે રૂ.૬.૯૯ કરોડની છેતરપિંડી

ગાંધીનગર, તા.૫

ગુજરાત ઈન્ફોર્મેટિકસ લિમિટેડ (જીઆઈએલ) સાથે વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમિયાન કંપની સાથે રૂ.૬.૯૯ કરોડની છેતરપિંડી સામે આવી છે.જેમાં જીઆઈએલ દ્વારા અનઅધિકૃત કંપનીઓના એકાઉન્ટમાં રૂપીયા ચુકવી દેવામાં આવ્યા છે. કંપનીના નાણાકીય વર્ષના ઓડીટમાં છેતરપિંડી સામે આવતા સૌ કોઈ ચોંકી ઉઠ્યા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગુજરાત ઈન્ફોર્મેટિકસ લિમિટેડ સાથે રૂ.૬.૯૯ કરોડની છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું છે. જીઆઈએલ સાથે સરકારી કામકાજ અર્થે રજીસ્ટર કંપનીઓ જોડાયેલી છે. ત્યારે જીઆઈએલ દ્વારા આ કંપનીઓને વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૦ દરમિયાન અલગ અલગ તારીખે રૂ.૬.૯૯ કરોડના બીલો ચુકવી દેવામાં આવ્યા છે. બીજીતરફ ગુજરાત ઈન્ફોર્મેટિકસ લિમિટેડનું નાણાકીય વર્ષનું ઓડીટ કરવામાં આવ્યું હતું. જેમાં જીઆઈએલ દ્વારા રજીસ્ટ્રર ના થયેલી હોય તેવી કંપનીના એકાઉન્ટમાં વિવિધ કામ પેટે રૂ.૬ કરોડ ૯૯ લાખ ચુકવી દીધા હોવાનું કૌંભાડ સામે આવ્યું છે. જેથી જીઆઈએલ દ્વારા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ત્યારે મળતી વિગત મુજબ ૭ થી ૮ એન્ટ્રી દ્વારા વિવિધ તારીખે રૂ,૬.૯૯ કરોડના બિલ ચુકવણી થઈ છે.ત્યારે સમગ્ર કૌંભાડમાં જીઆઈએલના કર્મચારીની સંડોવણી પણ બહાર આવે તેવી શકયતાઓ વ્યકત કરાઈ છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી





અમદાવાદ, તા. ૫

ગુજરાત સાયન્સ સિટી ખાતે ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે ૫ જૂનના રોજ ઉજવવામાં આવે છે. પર્યાવરણના રક્ષણ માટે જાગૃતિના પગલાંને પ્રોત્સાહિત કરવા માટેનો આ મહત્વનો દિવસ છે. આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિવસની થીમ 'માત્ર એક પૃથ્વી' (Only One અર્થ) છે.

ગુજરાત સાયન્સ સિટી ખાતે બે તબક્કામાં પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. પ્રથમ તબક્કો પર્યાવરણ બચાવકર્તાઓ (પર્યાવરણ સંરક્ષણ મિલન) માટે હતો. પાટડી (સુરેન્દ્રનગર)ના અંદાજે ૭૦ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો તથા દાંતાના આશરે ૧૨૦ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો આ ઉજવણીમાં ઉત્સાહભેર જોડાયા હતા. આ ગ્રામજનોને સાયન્સ અને સાયન્સ સિટી શું છે તે વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વિવિધ ગેલેરીઓની મુલાકાત કરાવવામાં આવી હતી. આ મીટ તેમના વિશે વધુ જાણવા અને તેમને તકનીકી પ્રગતિ વિશે જાણકારી આપવામાં ઉપયોગી રહી.

બીજો તબક્કો આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસરો સાથે શાળા, કોલેજના વિદ્યાર્થીઓ અને કેન્દ્રીય વિદ્યાલયના શિક્ષકો વચ્ચે પર્યાવરણીય ક્રિયાપ્રતિક્રિયા (પર્યાવરણ ગોષ્ઠી)નો રહ્યો. ડૉ. વ્રજેશ પરીખે રિયુઝ, રિડ્યુસ અને રિસાઈકલ વિશે માહિતી આપી. ગુજકોસ્ટના એડ્વાઈઝર ડૉ. નરોત્તમ સાહુએ મહેમાનોનું અભિવાદન કરી ક્લાઈમેટ ચેન્જ વિશે જાણકારી આપી. શ્રીમતી શિવાની જૈન (COO, IToWE; અમદાવાદ), શ્વેતલ શાહ (ટેકનિકલ સલાહકાર, ક્લાઈમેટ ચેન્જ વિભાગ ગુજરાત સરકાર), ડૉ. અરવિંદ સિંઘ (જિયોસાયન્સ ડિવિઝન ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી), ભરત પાઠક IFS (નિવૃત્ત) (પૂર્વ નિયામક GEER ફાઉન્ડેશન), પ્રસંતા દશ (ચીફ UNICEF-ભારત, ગુજરાત રાજ્ય), ડૉ. પૂનમ ભાર્ગવ (મુખ્ય વૈજ્ઞાનિક અધિકારી-ય્UJCOST) એ પણ પરાયવરણ દિવસ અંતર્ગત મહત્વની જાણકારી આપી હતી.

આ ઉપરાંત ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે કોલેજના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા આયોજિત કરવામાં આવી હતી, વિદ્યાર્થીઓએ પર્યાવરણને લગતી સમસ્યાઓ અને તેના ઉપાયો વિશે ચર્ચા કરી. શાળાના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલ ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પર્યાવરણ વિશેની સમજ ચિત્રના માધ્યમથી રજૂ કરી હતી. આ ઉપરાંત પર્યાવરણ દિવસ અંતર્ગત સાયન્સ સિટી ખાતે વૃક્ષરોપણ પણ કરવામાં આવ્યું હતુ. બીજા તબક્કાનું આયોજન ગુજરાત સાયન્સ સિટી, GUJCOST, GEDA અને ગુજરાતના ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી.

# જીલ્લા ભાજપ દ્વારા સભ્ય નોંધણી અભિયાન આરંભાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ૫ જૂનના રોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપાની યોજના મુજબ પ્રાથમિક સદસ્યતા અભિયાન અંતર્ગત પ્રદેશ ભાજપા મંત્રી અને સદસ્યતા અભિયાનમાં ઉત્તર ઝોન ઈન્ચાર્જશ્રી જયશ્રીબેન દેસાઈ તથા જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લા ભાજપાની કાર્યશાળા યોજાઈ ગઈ હતી.

આ કાર્યશાળાને સંબોધતા શ્રી જયશ્રીબેન દેસાઈએ જણાવ્યું હતું કે ભાજપા એ કેડર બેઝ પાર્ટી છે. પ્રતિ છ વર્ષે ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષથી લઈને બુથ કક્ષાના કાર્યકર્તા સુધીના તમામની સદસ્યતા રિન્યુ કરવા અને નવા સદસ્યો જોડવા આ અભિયાન યોજાઈ છે. ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલજીના માર્ગદર્શન હેઠળ આગામી ૧૬ જૂનથી સમગ્ર રાજ્યભરમાં આ પ્રાથમિક સદસ્યતા અભિયાનનો પ્રારંભ થશે.

શ્રી અનિલભાઈ પટેલે આજે ૫ જૂન "વિશ્વ પર્યાવરણ દિન" નિમિત્તે સૌને પર્યાવરણ અને ઈકો સિસ્ટમના સંરક્ષણ અને સંવર્ધન માટે તથા 'ગાંધીનગર લોકસભા હરિયાળી લોકસભા ' બને તે દિશામાં એકનિષ્ઠ પ્રયાસ કરવા અપીલ કરી હતી.

શ્રી પટેલે તેમના માર્ગદર્શક ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે જિલ્લા ભાજપાના તમામ હોદેદારો અને કાર્યકર્તાઓએ તમામ કાર્યક્રમો અને અભિયાનોને હંમેશા એક પડકારના રૂપમાં સ્વીકાર્યા છે. ગાંધીનગર ભાજપા સંગઠન રાજ્યમાં સૌથી શ્રેષ્ઠ જીલ્લો બને તે માટે પ્રતિબદ્ધ થવા ઉપસ્થિત સૌને આહવાન કર્યું હતું અને ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રિય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે આદરેલા રાષ્ટ્ર સેવા અને જનકલ્યાણના યજ્ઞમાં આપણે સૌ પરિશ્રમરૂપી આહુતિ દ્વારા આપણી સહભાગિતા સુનિશ્ચિત કરીએ.

આ કાર્યશાળામાં આ સદસ્યતા અભિયાનના જિલ્લાના ઈન્ચાર્જ અને જીલ્લા ભાજપ મહામંત્રીશ્રી રાજુભાઈ પટેલ, સહ ઈન્ચાર્જશ્રી આઈ બી વાઘેલા અને શ્રી દેવેન્દ્રભાઈ બારોટ દ્વારા ૭૮ ૭૮ ૧૮૨ ૧૮૨ મોબાઈલ નંબર પર કોલ ડાયલ કરી સદસ્યતા અભિયાન માટેની કાર્ય પદ્ધતિની છણાવટ કરી વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

# પુસ્તક પરબમાં વાચકોના ઉમળકા સાથે પુસ્તકોનું આદાન પ્રદાન થયું

ગાંધીનગર, તા.૫

દર મહિનાના પ્રથમ રવિવારે ગાંધીનગરમાં યોજાતી પુસ્તક પરબમાં આજે મોટી સંખ્યામાં મુલાકાતીઓ જોડાયા હતા અને પોતાને ગમતા વિષયના પુસ્તકો, સામયિકો લીધા હતા. બલરામ મંદિર પરિસરમાં યોજાયેલ આજની પુસ્તક પરબમાં મોટી માત્રામાં પુસ્તકો ભેટમાં પણ મળ્યા હતા. પુસ્તકો અને સામયિકો મળીને કુલ ૧૨૨૬ પુસ્તકોનું આદાનપ્રદાન થયું હતું. પરબને ૮૫૩ પુસ્તકો અને ૧૭૬ સામયિકો ભેટમાં મળ્યાં હતા. મુલાકાતીઓ ૧૯૭ પુસ્તક - સામયિકો પસંદ કરી લઈ ગયા હતા. અંદાજે ૧૬૦ જેટલા મુલાકાતીઓએ પરબની મુલાકાત લીધી હતી. ગાંધીનગરના ઘણા અગ્રણીઓ, લેખકો, વાચકો તરફથી પુસ્તક પરબને ઉમદા સહયોગ સાથે પુસ્તકો ભેટમાં મળે છે, પુસ્તક પરબ ટીમ અને આત્મન ફાઉન્ડેશન એ સહુ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરે છે. શિષ્ટ સાહિત્યનો પ્રસાર થાય, માતૃભાષાનું ગૌરવ વધે, આજની યુવા પેઢી વાંચતી - વિચારતી થાય એ હેતુથી આ પરબ યોજવામાં આવે છે.





માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ યોજવામાં આવે છે. આજની પુસ્તક પરબમાં અજય ઉપાધ્યાય, અશોકભાઈ ત્રિવેદી, કિન્નરીબેન ત્રિવેદી, અજય રાવલ, દીશાંત ગર્ગ, ધુર્જટી પ્રજાપતિ, ગજેન્દ્રસિંહ વાઘેલા, પ્રજ્ઞાબેન પટેલ વગેરેએ સહયોગ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે આજે વિશ્વ પર્યાવરણ દિવસ હોઈ બધાએ હરિયાળા વિશ્વ માટેની પરસ્પર શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાજ્યમાં કોરોનાના નવા ૯૮ કેસ : ૨૧ દર્દી સાજા થયા

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં કોરોનાના આજે નવા ૯૮ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૧ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૪,૧૭૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૯.૦૮ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૫૫,૭૧૪ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૩૪૦ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઈ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૩૪૦ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૪,૧૭૮ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે.

તો બીજી તરફ ૧૦,૯૪૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૪૨, વડોદરા કોર્પોરેશનમાં ૮, રાજકોટ કોર્પોરેશનમાં ૪, વડોદરા ૩, કચ્છ, મહેસાણા અને સુરત કોર્પોરેશનમાં ૨-૨ કેસ અને ભાવનગર કોર્પોરેશન, ગાંધીનગર કોર્પોરેશન અને મોરબીમાં ૧-૧ કેસ નોંધાયા છે.



ગાંધીનગરને ફરીથી હરિયાળું બનાવવાના ઉદ્દેશ સાથે શહેરના બ્રિજ ગૃપ અને પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત સંસ્થા વનશ્રી ટ્રસ્ટ સાથે મળીને વૃક્ષારોપણ અને વૃક્ષનું જતન કરવા માટેની એક ઝુંબેશ શરૂ કરી રહ્યાં છે. જેનો શુભારંભ સરકારી એન્જિનીયરીંગ કોલેજ, સેક્ટર-૨૮ ખાતેથી વૃક્ષારોપણ દ્વારા સવારે ૯.૦૦ કલાકે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે નહેરૂ યુવા કેન્દ્ર સંગઠનના ડાયરેક્ટર મનિષાબહેન શાહ, જિલ્લા કોઓર્ડિનેટર પંકજકુમાર મતરેચા, જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ વિષ્ણુભાઈ પ્રજાપતિ, ગાંધીનગર ગ્રીન એમ્બેસેડર અંજના ચૈતન્ય નિમાવત, બ્રિજ ગૃપના કૃણાલભાઈ દેસાઈ, અર્પણભાઈ દેસાઈ, સરકારી એન્જિનીયરીંગ કોલેજના પ્રિન્સીપાલ એન. કે. અરોરા, યુથ હોસ્ટેલના ચેરમેન ચૈતન્ય નિમાવત, એન.સી.સી. કેડેટસ, હોમગાર્ડના જવાનો, એન.એસ એસ. ના સ્વયંસેવકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રતિક સ્વરુપે ૫૧ રોપા ઉગાડવામાં આવ્યા હતા અને ગાંધીનગરમાં વર્ષ દરમ્યાન ૧ લાખ વૃક્ષ ઉછેરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. પ્રતિક ભેટ સ્વરૂપે આવેલા તમામ વ્યક્તિને રોપા ભેટ આપવામાં આવ્યા હતા.

# રેડિઅન્ટ સ્કૂલ ખાતે મેગા આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૫

આજે વિશ્વ પર્યાવરણ દિવસે સરગાસણ ટીપી-૯માં રેડિઅન્ટ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે સવારના ૯ થી બપોરના ૧૨.૩૦ સુધી રેડિઅન્ટ સ્કૂલ અને પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુકત સૌજન્યથી મેગા આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્યોતિ પેથોલોજી અને ડાયાગ્નોસીસ સેન્ટર કુડાસણ ડૉ.ભૂમિકા રાઠોડ દ્વારા સુગર, કોલેસ્ટ્રોલ અને બ્લડ ગ્રુપની નિઃશુલ્ક તપાસ સાથે હેલ્થ ચેકઅપ પ્લાન જેમાં સીબીસી, યુરિન તપાસ, ક્રિએટાઈમીન, સુગર, એસજીપીટી, કોલેસ્ટ્રોલ,



ટીએસએચ, વિટામીન બી-૧૨ અને વિટામીન-ડીના ટેસ્ટ વગેરે રાહતદરે કરી આપવાની સેવા આપવામાં આવી હતી તેમજ લિટલ મીરેકલ્સ 'બાળકોની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ'ના ડૉ.નિરવ રાઠોડ દ્વારા બાળકોને લગતા તમામ રોગોની વિના મૂલ્યે તપાસ અને માર્ગદર્શન, કુડાસણના પંચકર્મ આયુર્વેદ નેચર ક્યોર સેન્ટરના ડૉ. રવિ રૂપારેલિયા દ્વારા આયુર્વેદિક વિષયે વક્તવ્ય વિવિધ શંકાના સમાધાન સાથે શરીરના સોજા, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેસર, યુરિક એસિડ થાયરોઈડ, માઈગ્રેન વગેરે રોગોના કારણ અને સારવારની સમજણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ડૉ. ધ્રુમિન પ્રજાપતિ દ્વારા ફેફસાંને લગતા તમામ રોગોની ફ્રી તપાસ અને ટીબી, દમની બીમારી, નસકોરાં બોલવા વગેરે અંગે સારવાર માટે માર્ગદર્શન, સરગાસણ ટીપી-૯ સહિત ગાંધીનગરના રહેવા સીઓએ મોટી સંખ્યામાં આ કેમ્પનો લાભ લીધો હતો.

# ચંદ્રાલા લકઝરી બસમાંથી પિસ્ટલ સાથે વડોદારાનો યુવાન ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી પટેલ ટ્રાવેલ્સની બસમાંથી પિસ્ટલ સાથે વડોદરાના ૨૮ વર્ષિય યુવકને પોલીસે ઝડપી પાડ્યો છે. વાહન ચેકીંગ દરમિયાન શંકાસ્પદ મુસાફરની અંગજડતી લેતા પેન્ટના નેફામાંથી પિસ્ટલ મળી આવી હતી. પોલીસે રૂ.૨૫ હજારની પિસ્ટલ અને રૂ.૫ હજારનો મોબાઈલ કબ્જે કરી આર્મસ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હિંતમનગર તરફથી આવી રહેલી પટેલ ટ્રાવેલ્સની બસ નં. એ.આર..૦૬.બી-૨૩૩૫ ને ચેકીંગ માટે રોડની સાઈડમાં ઉભી રખાવી હતી. ત્યારબાદ બસના ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી પોલીસે મુસાફરોનો સામાન ચેક કરી રહી હતી. તે સમયે બસમાં સીટમાં બેઠેલા એક યુવકની હિલચાલ શંકાસ્પદ જણાઈ હતી. જેથી યુવકને નીચે ઉતારી તેની અંગજડતી લેતા પેન્ટના નેફામાંથી પિસ્ટલ જેવું એક હથીયાર મળી આવ્યું હતું. જેથી પોલીસે યુવકનુ નામ પુછતા તેણે મનદિપ ભીમસેન મુરારીલાલ શર્મા (ઉં.૨૮ રહે. ઈ-૩૦૧ અર્થ એમ્બરોસીયા અમિતનગર સમા-સાવલી રોડ વડોદરા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે યુવક પાસે હથીયાર રાખવા અંગેનુ લાયસન્સ કે પરવાનો માંગતા તેને નહી હોવાનું જણાવ્યું હતું. પિસ્ટલ પર મેઈડ ઈન જાપાન ૩૨ લખેલુ હતું. ચિલોડા પોલીસે રૂ.૨૫ હજારની પિસ્ટલ અને રૂ.૫ હજારનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આર્મસ એકટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અહેવાલ માંગતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે ગાંધીનગર શહેરને ગ્રીનસિટીનું બિરૂદ પાછુ મળે તે માટે વૃક્ષોના વાવેતરથી જ નહિ પણ તેની જાળવણી અને ઉછેર માટેની કામગીરીમાં પણ કમી ના રહે તે જોવા જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

## સપડાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ યુવાન મનાલી પ્રવાસે જઈ પરત આવ્યો હતો આ પછી તાવ અને અન્ય લક્ષણો જણાતાં ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં પ્રવાસે ગયેલા લોકો હવે પરત ફરવાના શરૂ થયા છે અને તેમાંથી કેટલાક કોરોનામાં સપડાયા છે ત્યારે તંત્રની ચિંતા વધી છે. લોકલ સંક્રમણ ઘણું જ ઓછું હોવાનુ તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ કેસ સાથે એકટીવ કેસની સંખ્યા ૩૧ને પાર કરી ગઈ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

## વિપરીત અસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહેલા અધિકારી દ્વારા મનસ્વી કાર્યપધ્ધિત અપનાવાતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જેમાં બાંધકામ ના ડ્રોઈંગ સમયસર નહીં આપવા સહીત ફાઈલો દબાવી રાખવામાં આવતી હોવાની ફરિયાદ પણ ઉચ્ચ અધિકારી સમક્ષ રજુ થઈ છે. જેની સામે યોગ્ય પગલા લેવા પણ રજુઆત થઈ છે. અધિકારીના આ રવૈયાથી ગાંધીનગર જ નહીં પરંતુ રાજયના હાથ ધરવામાં આવેલા વિવિધ કામો પર વિપરિત અસર થઈ રહી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આ સ્થિતિ વચ્ચે રાજયમાં બ્રિજ તેમજ બિલ્ડીંગ સહીત નવા આવાસો બાંધવાની મહત્વની યોજનાઓના કામ પણ વિલંબમાં પડયા હોવાનો રોષ પણ પ્રબળ બનતો જાય છે. ઉચ્ચ અધિકારી કક્ષાએથી કરવામાં આવેલી ફરિયાદ સંદર્ભે સરકાર કક્ષાએથી શુ પગલા લેવાય તે મુદ્દે પણ વિભાગમાં અનેક તર્ક વિતર્ક સાથે ચર્ચા થઈ રહી છે.

## કોરીડોર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજીત કાર્યક્રમમાં નરેન્દ્ર મોદીએ કહ્યુ કે, પહેલા દેશના કિસાન પાસે આ જાણકારીનો અભાવ હતો કે તેની માટી ક્યા પ્રકારની છે, તેની માટીમાં શું કમી છે આ સમસ્યાને દૂર કરવા માટે દેશમાં કિસાનોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું મોટુ અભિયાન ચલાવવામાં આવ્યું. અમે કેચ ધ રેન જેવા અભિયાનોના માધ્યમથી જળ સંરક્ષણથી દેશના જન-જનને જોડી રહ્યાં છીએ. આ વર્ષે માર્ચ મહિનામાં દેશમાં ૧૩ મોટી નદીઓના સંરક્ષણનું અભિયાન પણ શરૂ થયું છે. તેમાં પાણીમાં પ્રદૂષણ ઓછુ કરવાની સાથે નદીના કિનારા પર વન લગાવવાનું કામ પણ કરવામાં આવી રહ્યું છે.

વિશ્વ પર્યાવરણ દિવસે પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યુ કે, માટી બચાવવા માટે અમે પાંચ મુખ્ય વાતો પર ધ્યાન આપ્યું છે. પ્રથમ- માટીને કેમિકલ ફ્રી કઈ રીતે બનાવવી. બીજુ- માટીમાં જે જીવ રહે છે, જેને તકનીકી ભાષામાં તમે જૈંઙ્ઘ'ક્ષ્રિટ્ઠહૈષ્ઠ સ્ટ્રીકિહો છો, તેને કઈ રીતે બચાવવા. ત્રીજુ- માટીમાં ભેજ કઈ રીતે બનાવી રાખવો, તેના મૂળમાં જળની ઉપલબ્ધતા કઈ રીતે વધારવી. ચોથુ- ભૂજળ ઓછુ થવાને કારણે માટીને નુકસાન થઈ રહ્યું છે તેને દૂર કરવું. પાંચમું- જંગલમાં ઘટાડો થવાને કારણે માટીનું જે રીતે ધોવાણ થઈ રહ્યું છે તેને કઈ રીતે રોકવામાં આવે.

## એલર્ટ જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએમડીનું હીટવેવનું પૂર્વાનુમાન આ મુજબ છે. રાજસ્થાન, જમ્મૂ, હિમાચલ પ્રદેશ અને દિલ્હીમાં અલગ-અલગ સ્થળો પર ૪ અને ૫ જૂને લૂ ચાલશે. વિદર્ભ, ઝારખંડ, આંતરિક ઓડિશા અને છત્તીસગઢના વિસ્તારોમાં ૪ થી ૬ જૂન સુધી લૂ ચાલશે. દક્ષિણ ઉત્તર પ્રદેશ અને ઉત્તરી મધ્ય પ્રદેશમાં ૪ થી ૮ જૂન સુધી લૂની સ્થિતિ રહેશે. ૭ જૂનથી દક્ષિણ પ્રાયદ્રીપીય ભારતમાં વરસાદની ગતિવિધિઓમાં વધારો થવાની સંભાવના છે. આગામી પાંચ દિવસ દરમિયાન પૂર્વોત્તર ભારત અને ઉપ હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં તીવ્ર વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

## કાયદો કાનૂન

● અનુસંધાન ચોથાનું ચાલુ

મેજીસ્ટ્રેટ કબજો અપાવી શકશે. કલમ-૧૪૫(ખ) આ પેટા-કલમ હેઠળ થયેલ હુકમ, પેટા કલમ-(૩)માં જણાવેલી રીતે બજાવશે અને પ્રસિધ્ધ કરશે.

કલમ-૧૪૫(૭) ની જોગવાઈ મુજબ એવી કોઈ કાર્યવાહીનો કોઈ પક્ષકાર મૃત્યુ પામે, તો મેજીસ્ટ્રેટ મૃત્યુ પામેલા પક્ષકારનાં કાયદેસરનાં પ્રતિનિધિને કાર્યવાહીના પક્ષકાર તરીકે સામેલ કરાવી શકશે અને તેમ થયાં પછી તેણે તપાસ, ચાલુ રાખશે અને આવી કાર્યવાહીનાં હેતુઓ માટે મૃત્યુ પામેલા પક્ષકારનાં કાયદેસરનો પ્રતિનિધિ કોણ છે એવો પ્રશ્ન ઉભો થાય તો, મૃત્યુ પામેલા પક્ષકારના પ્રતિનિધિઓ હોવાનો હકદાવો કરનાર તમામ વ્યક્તિઓને તે કાર્યવાહીના પક્ષકારો બનાવશે.

કલમ-૧૪૫(૮)ની જોગવાઈ મુજબ, પોતાની સમક્ષ ચાલતી આ કલમ હેઠળની કાર્યવાહીમાંની તકરારી, મિલકતનો પાક કે બીજી ઉપજ જલદી અને કુદરતી રીતે બગડી જાય તેવી છે, એવો અભીપ્રાય થાય તો, મેજીસ્ટ્રેટ તે મિલકતને યોગ્ય કસ્ટડીમાં રાખવા અથવા તેનું વેચાણ કરવા માટે હુકમ કરશે અને તપાસ પૂરી થયે, તે મિલકતનાં અથવા વેચાણથી ઉપજેલ રકમના નિકાલ માટે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ તેણે કરશે.

કલમ-૧૪૫(૯) ની જોગવાઈ મુજબ, પોતાને યોગ્ય લાગે તો, મેજીસ્ટ્રેટ, આ કલમ હેઠળની કાર્યવાહીના કોઈપણ તબક્કે, બેમાંથી કોઈ પક્ષકારની અરજી ઉપરથી કોઈ સાક્ષીને હાજર થવા અથવા કોઈ દસ્તાવેજ કે વસ્તુ રજુ કરવા આદેશ આપતો સમન્સ કાઢશે.

કલમ-૧૪૫(૧૦)ની જોગવાઈ મુજબ, કલમ-૧૦૭ હેઠળ કામ ચલાવવાની મેજીસ્ટ્રેટની સત્તાને આ કલમથી બાધ આવતો નથી.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in